OCR
RECOGNISING ACHIEVEMENT

# Thursday 31 May 2012 – Afternoon

## A2 GCE GUJARATI

**F884** Listening, Reading and Writing 2

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
- Special Sheet (inserted)
- CD

**Other materials required:**
None

**Duration:** 2 hours 45 minutes

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

**INSTRUCTIONS TO CANDIDATES**

- The Insert will be found in the centre of this document.
- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Answer **all** the questions in Section A and B and **one** question in Section C.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. Additional paper may be used if necessary but you must clearly show your candidate number, centre number and question number(s).
- Do **not** write in the bar codes.

**INFORMATION FOR CANDIDATES**

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are three sections in this paper.
  **SECTION A: 38 Marks Listening and Writing**
  **SECTION B: 77 Marks Reading and Writing**
  **SECTION C: 45 Marks Writing**
- This document consists of **24** pages. Any blank pages are indicated.

© OCR 2012 [K/500/8404]
DC (SJF) 46467/4
OCR is an exempt Charity

## Section A: Listening and Writing

*Recommended time for Section A: 30 minutes*

**Task 1: Listening**

**UNEMPLOYMENT AND GOVERNMENT INCENTIVE**

**Listen to the recording and answer the following questions IN ENGLISH.** **[6 marks]**

**(a)** What does the speaker say about unemployment in Gujarat?

........................................................................................................................................ **[1]**

**(b)** What is the employment situation for educated people?

........................................................................................................................................ **[1]**

**(c)** What job prospects do engineers have?

........................................................................................................................................ **[1]**

**(d)** What incentive does the Government of India give to the unemployed youth?

........................................................................................................................................ **[1]**

**(e)** Why are many not taking advantage of this incentive? Give **two** reasons.

........................................................................................................................................

........................................................................................................................................ **[2]**

© OCR 2012

સવાલ ૨ : શ્રવણ

## અરુણ માસ્તર

**રજૂઆત સાંભળીને નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો.**

**[૨૨ ગુણ વાચનબોધ માટે અને ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]**

**(ક)** કેશવલાલને ગાંધીજી સાથે રહેવાનો લાભ ક્યારે મળ્યો હતો?

........................................................................................................................ **[૧]**

**(ખ)** ગાંધીજીના સહવાસની તેમના પર શી અસર પડી હતી?

........................................................................................................................ **[૧]**

**(ગ)** કેશવલાલનું શિક્ષણકાર્ય ખૂબ સુંદર હતું તે આપણે શાના પરથી કહી શકીએ?

**(૧)**...................................................................................................................... **[૧]**

**(૨)**...................................................................................................................... **[૧]**

**(ઘ)** સાંજે તેઓ કયું સેવાનું કામ કરતા?

........................................................................................................................ **[૧]**

**(ચ)** અરુણ શા માટે વહેલો ગામડે ગયો?

**(૧)**...................................................................................................................... **[૧]**

**(૨)**...................................................................................................................... **[૧]**

**(છ)** દુકાનવાળા શેઠે અરુણ માટે કઈ કઈ સગવડો કરી આપી?

**(૧)**...................................................................................................................... **[૧]**

**(૨)**...................................................................................................................... **[૧]**

© OCR 2012

**(જ)** તેમણે અરુણને બાળકો વિશે કઈ વિગતો કહી?

**(૧)**......................................................................................................................................**[૧]**

**(૨)**......................................................................................................................................**[૧]**

**(ઝ)** અરુણે બાળકોને આકર્ષવા માટે નિશાળના ઓરડામાં શું શું કર્યું?

**(૧)**......................................................................................................................................**[૧]**

**(૨)**......................................................................................................................................**[૧]**

**(ટ)** નિશાળમાં બાળકોની સંખ્યા શા માટે વધવા લાગી?

**(૧)**......................................................................................................................................**[૧]**

**(૨)**......................................................................................................................................**[૧]**

**(ઠ)** હરિજનો શા માટે તેમનાં બાળકોને ગામની નિશાળે ન મોકલતા?

........................................................................................................................................ **[૧]**

**(ડ)** અરુણ હરિજનવાસમાં ગયો તે પછી શું થયું?

**(૧)**......................................................................................................................................**[૧]**

**(૨)**......................................................................................................................................**[૧]**

**(ઢ)** નિશાળનાં બીજાં બાળકોએ હરિજન બાળક સાથે કેવું વર્તન કર્યું?

...........................................................................................................................................

........................................................................................................................................ **[૨]**

**(ણ)** વર્ગના જાહેર કાર્યક્રમ પછી ઘણાં માતા-પિતાઓએ શા માટે તેમનાં બાળકોને પાછાં નિશાળે મોકલ્યાં?

**(૧)**......................................................................................................................................**[૧]**

**(૨)**......................................................................................................................................**[૧]**

**[Section A Total: 38 marks]**

© OCR 2012

BLANK PAGE

PLEASE DO NOT WRITE ON THIS PAGE

© OCR 2012

## Section B: Reading and Writing

*Recommended time for Section B: 1 hour 15 minutes*
**In Section B there are 10 marks for the Quality of Language.**

**સવાલ ૩ થી ૭**

**સવાલ ૩ થી ૭માં બધા જ સવાલો એક જ લેખ "પુન:સર્જિત ઊર્જા સ્રોતો" પર આધારિત છે.**
**નીચેનો લેખ વાંચો.**

### પુન:સર્જિત ઊર્જા સ્રોતો

૧ આપણને જીવનની જરૂરિયાતો મેળવવા ઊર્જાની જરૂર પડે છે. ચાંપ દબાવતાં જ આપણને વીજળી, વાયુ, અગ્નિ વગેરે મળી જાય છે. ખેતી, ઉદ્યોગ કે અન્ય સેવાઓના વિકાસ માટે આપણા દેશને ઊર્જાનો વપરાશ કર્યા વગર ચાલતું નથી. આ ઊર્જા બે પ્રકારની હોય છે. પ્રદૂષણજન્ય ઊર્જા પ્રદૂષણ ઉત્પન્ન કરે છે જ્યારે સ્વચ્છ ઊર્જા પ્રદૂષણ ઉત્પન્ન કરતી નથી. હવાના પ્રદૂષણને કારણે દુનિયાના તાપમાનમાં વધારો થયો છે અને અર્થકારણ અને સમાજ માટે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. પાણીના પ્રદૂષણને કારણે આરોગ્યની મુશ્કેલીઓ વધી છે.

૨ પ્રાચીન ભારત એક સંસ્કૃત દેશ હતો પણ ત્યારે લોકો પર્યાવરણને હાનિ ન પહોંચે તેની કાળજી રાખતા હતા. આજે પણ ભારતીય સંસ્કૃતિમાં સૂર્ય, પવન, વગેરે કુદરતી તત્ત્વોને પૂજવામાં આવે છે પણ ઊર્જાના ઉત્પાદન માટે કોલસા, તેલ જેવા ખનીજ પદાર્થો વાપરવાને કારણે હવા પ્રદૂષિત થાય છે. ઊર્જા મેળવવા માટે પવન જેવા કુદરતી તત્ત્વોનો ઉપયોગ કરીને આ પ્રદૂષણ અટકાવી શકાય તેમ છે.

3 ભારતમાં ગુજરાતને લાંબો દરિયાકાંઠો મળ્યો છે અને ત્યાંના પવનની ઝડપ પવનચક્કીઓ (windmills) ચલાવવા માટે પૂરતી છે. આ પવનચક્કીઓ દરિયાકાંઠાના પવનની શક્તિનું વીજળીમાં રૂપાંતર કરે છે. દુનિયાભરમાં પવનઊર્જા ઉદ્યોગ વિકસ્યો છે. તેમાં ભારતનો ક્રમ પાંચમો છે. આ ઉપરાંત ભારતના કોઈ કોઈ ખેડૂતો પાણી ખેંચવા માટે કૂવા પર વીજળીથી ચાલતા પંપને બદલે નાની પવનચક્કી ગોઠવે છે અને આખા ખેતરમાં પાણી પહોંચાડે છે. આ નાની પવનચક્કીઓને જાળવવાનો ખર્ચ પણ બહુ થોડો હોય છે.

૪ સૂર્યનો ગરમી અને પ્રકાશનો ખજાનો વર્ષો સુધી ખૂટવાનો નથી. વળી તે ગરમી અને પ્રકાશ આપણને વિનામૂલ્યે મળે છે. સૂર્યની ગરમીનો ઉપયોગ કરીને વીજળી અને બીજી ઊર્જા ઉત્પન્ન કરી શકાય. ભારતના મોટા ભાગના વિસ્તારોમાં સૂર્ય લગભગ બારેમાસ પ્રકાશે છે. ભારતમાં જે લોકોને હજુ વીજળી મળતી નથી તે બધાને તે મળી શકે તેમ છે. ભારત સરકાર માને છે કે આવી રીતે મોટા પ્રમાણમાં વીજળી મેળવીને ભારતનું અર્થતંત્ર બદલી શકાશે અને દુનિયામાં ભારતનો ચહેરો પણ બદલી જશે. અત્યારે અમેરિકાની એક પેઢી ગુજરાતમાં દુનિયાનું સૌથી મોટું સૂર્યઊર્જા કેન્દ્ર બનાવી રહી છે. જો દુનિયાના બધા દેશો સૂર્યઊર્જાનું ઉત્પાદન અને વપરાશ વધારશે તો પ્રદૂષણ જરૂર ઘટશે.

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના લેખની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2012

સવાલ ૩

ફકરો પહેલો

નીચે આપેલાં અધૂરાં વાક્યો વાંચો. [૬ ગુણ]

| | |
|---|---|
| ૧. | ઊર્જા વાપરવાનું બંધ કરવું જોઈએ. |
| ૨. | કામધંધો મેળવે છે. |
| ૩. | કુદરત નાશ પામશે. |
| ૪. | જગતમાં ગરમી વધી રહી છે. |
| ૫. | પોતાની જરૂરિયાતો પૂરી પાડે છે. |
| ૬. | પ્રદૂષણની ચિંતા રહેતી નથી. |
| ૭. | ઉદ્યોગો માલની ભેળસેળ કરે. |
| ૮. | મફત મળે છે. |
| ૯. | ઉદ્યોગો માલ-સામાન બનાવી ન શકે. |
| ૧૦. | સહેલી રીતે મળી જાય છે. |
| ૧૧. | બીમારીઓ વધી છે. |

નીચે આપેલાં દરેક અધૂરા વાક્યને ફકરા પ્રમાણે પૂરું કરવા ઉપરના કોષ્ટકમાંથી યોગ્ય અર્ધવાક્ય શોધી તેનો નંબર ખાનામાં લખો.

(ક) ઊર્જાનો ઉપયોગ કરીને માણસ ☐

(ખ) આપણને ઊર્જા ☐

(ગ) ઊર્જા ન મળે તો ☐

(ઘ) સ્વચ્છ ઊર્જા વાપરવાથી ☐

(ચ) હવાના પ્રદૂષણને લીધે ☐

(છ) પાણીના પ્રદૂષણને કારણે ☐

© OCR 2012

**સવાલ ૪**

**ફકરો પહેલો**

**નીચે શબ્દો આપ્યા છે તેના સમાન અર્થવાળા શબ્દો પહેલા ફકરામાંથી શોધીને લખો.** **[૯ ગુણ]**

**(ક)** બીજી .......................... **[૧]**

**(ખ)** જાતની .......................... **[૧]**

**(ગ)** પેદા ........................... **[૧]**

**(ઘ)** ચોખ્ખી ............................ **[૧]**

**(ચ)** વિશ્વના ............................ **[૧]**

**(છ)** સવાલો ............................ **[૧]**

**(જ)** જળ ............................ **[૧]**

**(ઝ)** તંદુરસ્તીની ............................ **[૧]**

**(ટ)** મુસીબતો ............................ **[૧]**

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના લેખની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2012

સવાલ ૫

ફકરો બીજો

**એક અથવા એકથી વધારે શબ્દો વડે લેખના અર્થ પ્રમાણે ખાલી જગ્યા પૂરો.** **[૫ ગુણ]**

પુરાણા સમયમાં ભારત એક સંસ્કૃત દેશ હતો અને લોકો પર્યાવરણ ગંદું ન થાય તેનું **(ક)** .......................... રાખતા. આજે પણ ભારતના લોકો કુદરતના તત્ત્વોની **(ખ)** .......................... કરે છે. જો હવા **(ગ)** .......................... રાખવી હોય તો આપણે પણ ઊર્જા મેળવવા કોલસા જેવી **(ઘ)** .......................... ન વાપરવી જોઈએ. તેને બદલે આપણે પવન જેવા કુદરતી તત્ત્વોનો ઉપયોગ કરવો જોઈએ જેથી પર્યાવરણ **(ચ)** .......................... અટકી જાય.

સવાલ ૬

ફકરો ત્રીજો

**નીચેનાં વાક્યોને લેખ પ્રમાણે પૂરાં કરો.** **[૫ ગુણ]**

**(ક)** પવનચક્કીઓ ચલાવવા માટે ગુજરાતના દરિયાકિનારા પર પૂરતો ...................................... **[૧]**

**(ખ)** આ પવનચક્કીઓ પવનઊર્જામાંથી વીજળી ...................................................................... **[૧]**

**(ગ)** પવનશક્તિ વાપરવામાં ભારત દુનિયામાં પાંચમે ................................................................ **[૧]**

**(ઘ)** નાની પવનચક્કીઓ કૂવામાંથી પાણી ખેંચવા માટે ............................................................ **[૧]**

**(ચ)** નાની પવનચક્કીઓનું સમારકામ ............................................................................... **[૧]**

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના લેખની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2012

**સવાલ ૭**

**ફકરો ચોથો**

**નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં જવાબ આપો.**

**[૧૦ ગુણ]**

**(ક)** સૂર્યની ગરમી આપણે શા માટે હજારો વર્ષો સુધી વાપરી શકીશું?

............................................................................................................................**[૧]**

**(ખ)** સૂર્યનું તેજ વાપરવા માટે આપણને શું કિંમત ચૂકવવી પડે છે?

............................................................................................................................**[૧]**

**(ગ)** સૂર્યની ગરમીનો કઈ રીતે લાભ લઈ શકાય?

............................................................................................................................**[૧]**

**(ઘ)** ભારત દેશ માટે આ લાભ લેવો શા માટે કઠિન નથી?

............................................................................................................................**[૧]**

**(ચ)** ભારતના કયા લોકોને સૂર્યઊર્જાથી લાભ થશે?

............................................................................................................................ **[૧]**

**(છ)** ભારતને એક દેશ તરીકે કયા કયા લાભ થશે?

...............................................................................................................................

............................................................................................................................**[૨]**

**(જ)** લેખ પ્રમાણે અમેરિકાની એક પેઢીએ ભારતમાં કઈ રીતે રસ લીધો છે?

............................................................................................................................**[૧]**

**(ઝ)** દુનિયાને પર્યાવરણની બાબતે લાભ થાય તે માટે શું વધારવું જોઈએ?

...............................................................................................................................

............................................................................................................................ **[૨]**

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના લેખની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2012

**BLANK PAGE**

**PLEASE DO NOT WRITE ON THIS PAGE**

© OCR 2012

**સવાલ ૮ થી ૧૧**

**સવાલ ૮ થી ૧૧માં બધા જ સવાલો એક જ લેખ "યુ.કે.ના ગુજરાતી યુવાનો" પર આધારિત છે.**

**નીચે આપેલો લેખ વાંચો.**

### યુ.કે.ના ગુજરાતી યુવાનો

૧ યુ.કે.ના આજના ગુજરાતી યુવાનો આ દેશના જીવનમાં એકદમ ઓતપ્રોત થઈ ગયા છે. પશ્ચિમી કપડાંમાં સજ્જ થઈને કોઈ પણ સ્થાનિક યુવાનની હારોહાર બેસીને એ ગુજરાતી યુવાનો છટાથી અંગ્રેજી બોલે છે. સ્થાનિક યુવાનોની સાથે અભ્યાસ કરીને નોકરીમાં તેમના જેવી જ પદવીઓ મેળવે છે કે પોતાના સ્વતંત્ર ધંધા કરે છે અને તેમના જેવું જ જીવન જીવે છે.

૨ તો શું એ ગુજરાતી યુવાનો તેમની રહેણીકરણી અને રીતભાતમાં ખરેખર અંગ્રેજી બની ગયા છે? ના. બહારના જીવનમાં તેઓ પશ્ચિમી બની ગયેલા લાગશે પણ પોતાના ઘરમાં કે સમાજમાં તેમણે ગુજરાતીપણાને જીવંત રાખ્યું છે. ગુજરાતી ભાષાની જ વાત કરોને! વડીલો સાથે સહેલાઈથી વાતચીત થઈ શકે એટલી ગુજરાતી ભાષા તેઓ જાણે છે. પણ અન્ય વ્યવહારમાં તેઓ અહીંની અંગ્રેજી ભાષા જ બોલે છે. મંચ પરથી સુંદર ગુજરાતીમાં બોલતા યુવાનોને આપણે સૌ આનંદથી સાંભળીએ છીએ ને?

૩ આ યુવાનો સેન્ડવિચ, બેઈક્ડ બીન્સ જરૂર ખાય છે પણ એમાં થોડાઘણા ફેરફાર કરીને જ. સિસકારા બોલાવતા બોલાવતા તેઓ તીખી તમતમતી ચટણીવાળી સેન્ડવિચ માણે છે તો તેમના મસાલેદાર બેઈક્ડ બીન્સ કોઈના પણ મોંમાં પાણી લાવે છે. શાક-રોટલી અને ભજિયાં-ઢોકળાં ઉપરાંત તેઓ વાર તહેવારે લાપશી-લાડુ પણ ઝાપટે છે. કાર્યાલયોમાં પશ્ચિમી પોશાકમાં સજ્જ થતી ગુજરાતી યુવતી લગ્ન જેવા કૌટુંબિક પ્રસંગોમાં નખશીખ ભારતીય બની જાય છે. તો ગુજરાતી યુવાન ઝભ્ભો-પાયજામો પહેરીને નવરાત્રિમાં અડધી અડધી રાત સુધી બે તાળી પર નાચે છે.

૪ પોતાના કામકાજમાં સ્થિર થતાં આ ગુજરાતી યુવાનો પોતાનું મકાન ખરીદે છે. ઘરનું મોટા ભાગનું રાચરચીલું યુ.કે.નું જ હોય છે પણ દેવદેવીની મૂર્તિઓ, તોરણો વગેરે તેઓ ભારતથી લાવે છે. નાતાલના તહેવાર વખતે મહેફિલો જમાવતા ગુજરાતી યુવાનો દિવાળી-પર્યુષણને સમયે મંદિર-દેરાસર જવાનું ચૂકતા નથી. બે-ચાર વર્ષે તેઓ ભારત જઈને માતૃભૂમિના જીવનને માણીને ત્યાં રહેતાં સગાં-સ્નેહીઓ સાથે સંબંધ તાજા કરી આવે છે.

૫ આ દેશની રીત પ્રમાણે ભલે તેઓ પોતાનાં માતા-પિતાથી જુદા રહેતા હોય પણ માબાપના સ્વાસ્થ્યની સંભાળ રાખીને તેઓ તેમની જવાબદારી નિભાવે છે. ગુજરાતીઓની પારંપારિક શાંતિપ્રિયતા જાળવી રાખવા યુ.કે.ના ગુજરાતી યુવાનો શાંતિથી વાતચીત કરે છે અને ઝઘડા-લડાઈથી દૂર રહે છે. આમ યુ.કે.નો ગુજરાતી યુવાન અંદરખાનેથી તો ગુજરાતી જ રહ્યો છે.

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના લેખની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2012

## Task 8: Transfer of meaning

**Paragraph one**

**Transfer into ENGLISH the meaning of the first paragraph from** ‘યુ.કે.ના આજના ગુજરાતી યુવાનો’ **to** ‘જેવું જ જીવન જીવે છે.’

**Marks are awarded for accurate transfer of meaning and the quality of your written English.**
**[10 marks]**

© OCR 2012

સવાલ ૯

ફકરો બીજો

**નીચે આપેલાં વાક્યોને લેખ પ્રમાણે પૂરાં કરવાં ખાલી જગ્યામાં તમારા પોતાના એક અથવા વધારે શબ્દો લખો.**

**[૬ ગુણ]**

**(ક)** શું તમે ........................ છો કે ગુજરાતી યુવાનોએ બધી જ અંગ્રેજી રીતો અપનાવી લીધી છે? **[૧]**

**(ખ)** બહારના જીવનમાં તેમણે કેટલીક ગુજરાતી રીતભાત ............................ છે. **[૧]**

**(ગ)** પણ અંગત જીવનમાં તેમણે ગુજરાતી ............................ જાળવી રાખ્યા છે. **[૧]**

**(ઘ)** વડીલો સાથેના ......................... યુવાનો ગુજરાતી ભાષા વાપરે છે. **[૧]**

**(ચ)** તે ............................ તેઓ અંગ્રેજી ભાષા વાપરે છે. **[૧]**

**(છ)** યુવાનોના ગુજરાતીમાં આપેલાં ......................... .સાંભળી આપણને ખુશી થાય છે. **[૧]**

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2012

સવાલ ૧૦

ફકરો ત્રીજો

**નીચે આપેલા શબ્દો / શબ્દસમૂહો લેખમાં લીટી દોરીને બતાવવામાં આવ્યા છે. દરેકનો અર્થ તમારા પોતાના શબ્દોમાં ગુજરાતીમાં સમજાવો.** **[૬ ગુણ]**

**(ક)** થોડાઘણા ફેરફાર

..........................................................................................................................................

.......................................................................................................................................... **[૧]**

**(ખ)** સિસકારા

..........................................................................................................................................

.......................................................................................................................................... **[૧]**

**(ગ)** મોંમાં પાણી લાવે

..........................................................................................................................................

.......................................................................................................................................... **[૧]**

**(ઘ)** વાર તહેવારે

..........................................................................................................................................

.......................................................................................................................................... **[૧]**

**(ચ)** નખશીખ ભારતીય

..........................................................................................................................................

.......................................................................................................................................... **[૧]**

**(છ)** અડધી અડધી રાત સુધી

..........................................................................................................................................

.......................................................................................................................................... **[૧]**

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2012

સવાલ ૧૧

ફકરો ચોથો અને પાંચમો

**નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં જવાબ આપો.**

**[૧૦ ગુણ]**

**(ક)** ગુજરાતી યુવાનો પોતાનાં નોકરી કે વ્યાપાર બરાબર ચાલતાં થાય પછી તરત જ શું કરે છે?

.......................................................................................................................... **[૧]**

**(ખ)** તેઓ ઘરની સજાવટ પશ્ચિમી અને ભારતીય એમ બન્ને રીતે કરે છે તેમ શાના પરથી કહી શકાય?

..........................................................................................................................

.......................................................................................................................... **[૨]**

**(ગ)** આ યુવાનો તેમની શ્રદ્ધાને કેવી રીતે પોષે છે?

.......................................................................................................................... **[૧]**

**(ઘ)** તેઓ ભારત પ્રવાસ શા માટે કરે છે?

..........................................................................................................................

.......................................................................................................................... **[૨]**

**(ચ)** કૌટુંબિક જીવનમાં અહીંના ગુજરાતી યુવાનો પૂર્વ અને પશ્ચિમના સંસ્કારોનું કઈ રીતે મિશ્રણ કરે છે?

..........................................................................................................................

.......................................................................................................................... **[૨]**

**(છ)** ગુજરાતીઓની શાંતિપ્રિય હોવાની છાપને યુ.કે.ના ગુજરાતી યુવાનોએ કેવી રીતે ટકાવી રાખી છે?

..........................................................................................................................

.......................................................................................................................... **[૨]**

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

**[Section B Total: 77 marks]**

© OCR 2012

## Section C: Writing

*Recommended time for Section C: 1 hour*

**નીચેના સવાલોમાંથી એક ચૂંટો. ગુજરાતીમાં એક નિબંધ લખો. તમારે ઓછામાં ઓછા ૨૫૦ શબ્દો લખવા જોઈએ. તમે ૪૦૦થી વધારે શબ્દો ન લખો તેવી ભલામણ અમે કરીએ છીએ.**

**તમારા નિબંધમાં આપેલાં બધાં દાખલા અને માહિતી ગુજરાતી દેશો અથવા ગુજરાતી સમાજને જ લગતાં હોવા જોઈએ.**

**ગુજરાતી (દેશ) અથવા ગુજરાતી (વિશેષણ), એ શબ્દો ગુજરાતી ભાષા બોલાતી હોય એવા કોઈ પણ દેશને લાગુ પડે છે.**

**સવાલો ખાસ પાના પર પણ છાપેલા છે.**

**સવાલ ૧૨ સમાજ: એકતા અને અલગતા**

"જે વિદેશી પેઢીઓ ભારતના ગરીબ પરિવારોનાં બાળકોને મજૂરી આપે છે તેમણે એ બાળકોનાં શિક્ષણ અને સ્વાસ્થ્યની જવાબદારી પણ સંભાળવી જોઈએ."
તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? તમારાં કારણો સમજાવો.

**સવાલ ૧3 સમાજ: કાયદો અને વ્યવસ્થા**

ગુનેગારો શા માટે ગુજરાતી સમાજને પોતાના ગુનાનું લક્ષ્ય બનાવી શકે અને ગુજરાતી કુટુંબો પોતાનાં મકાન, સામાન અને ઓળખને સુરક્ષિત રાખવા શું કરી શકે તે સમજાવો.

**સવાલ ૧૪ પર્યાવરણ: પ્રદૂષણ**

"ગુજરાતના લોકો ઘોંઘાટથી ટેવાઈ ગયા છે પણ ગુજરાતમાં અવાજનું પ્રદૂષણ ઓછું કરવાની જરૂર છે."
તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? શું કરવું જોઈએ?

**સવાલ ૧૫ પર્યાવરણ: વ્યક્તિ અને પર્યાવરણ**

તમારા સમાજના સામયિક માટે પર્યાવરણ સંબંધિત એક લેખ લખો. લેખમાં, ગુજરાતી ભાઈ-બહેનો વનસ્પતિને/વૃક્ષોને જાળવી રાખવા માટે પોતાના બાગમાં અને સમાજમાં શું શું કરી શકે એ વિશે સૂચનો આપો અને તેનાથી થતા ફાયદા વિશે લખો.

© OCR 2012

**સવાલ ૧૬ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિજ્ઞાન: તકનિકીનો વિકાસ**

"ગુજરાતી લોકો માટે મોબાઈલ ફોન એક ઉપયોગી સાધન છે પણ તે કટાણે શાંતિનો ભંગ કરે છે તેમ જ કેટલાક ગુજરાતીઓ તેનો દુરુપયોગ પણ કરે છે."
તમે આ નિવેદન સાથે કેટલે અંશે સહમત થાઓ છો? તમારાં કારણો સમજાવો.

**સવાલ ૧૭ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિજ્ઞાન: વિજ્ઞાનનો વિકાસ**

"વિજ્ઞાનના વિકાસની ગુજરાતી ગ્રામજીવન પર થયેલી અસર" - એ વિષય પર તમે તમારા સમાજમાં ભાષણ આપવાના છો. ભાષણ માટે, જે ફેરફારો થયા છે એનું વર્ણન કરો અને તે સારા હતા કે ખરાબ તે સમજાવો.

**સવાલ ૧૮ સંસ્કૃતિ: સાહિત્ય અને કળા**

"યુ.કે.માં બતાવવામાં આવતી ભારતની ધાર્મિક અને સાંસ્કૃતિક ટી.વી. ચેનલો ગુજરાતીઓનાં ઘરોમાં ભારતીય સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે."
તમે આ વાત સાથે સહમત થાઓ છો? તમારાં કારણો આપો.

**સવાલ ૧૯ સંસ્કૃતિ: ઈતિહાસ અને વારસો**
સ્થાનિક ગુજરાતી વર્તમાનપત્રના 'દિવાળી અંક' માટે "ગુજરાતના તહેવારો" વિશે એક લેખ લખવાનું તમને કહેવામાં આવ્યું છે. આ તહેવારો ગુજરાતી સમાજને શા માટે મહત્ત્વના લાગે છે તે સમજાવો.

**[Relevance and point of view: 10 marks]**
**[Structure and Analysis: 15 marks]**
**[Quality of Language: 20 marks]**

**[Section C Total: 45 Marks]**

© OCR 2012

For candidates use: Question no.

© OCR 2012

© OCR 2012

© OCR 2012

**[Paper Total: 160 marks]**

© OCR 2012

BLANK PAGE

PLEASE DO NOT WRITE ON THIS PAGE

© OCR 2012

